e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION
Issue 343
Dec 16, 2013

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતા તથા ખાનગી એજન્સીનાં માણસો મારફતે તા.૦૬/૧૨/૨૦૧૩ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "Run for unity" કાર્યક્રમ બાબત :–

સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા સંદર્ભે રાજય સરકારશ્રી દ્વારા સરદાર પટેલના ૧૮૨ મીટર ઉંચાઈ ધરાવતા વિશ્વમાં ઉંચામાં ઉંચા સ્ટેચ્યુની કેવડીયા–નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપના અંતર્ગત ગુજરાતના ૩૩ જિલ્લાઓના વિવિધ શહેરો સહિત ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ખેલ મહાકુંભ–૨૦૧૩ તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૧૨/૧૨/૨૦૧૩ :–

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૩" અંતર્ગત તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૧૨/૧૨/૨૦૧૩ દરમ્યાન મહાનગરપાલિકાની શાળા કક્ષા, ઝોન કક્ષા તથા શહેર કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૬/૧૨/૨૦૧૩ના રોજ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત બાબત :–

સાઉથઝોન (ઉધના)માં કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલેશનની કામગીરી કરવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનમાં મેગા ડીમોલીશન રાખી અલગ–અલગ વોર્ડ વિસ્તારમાં આઠ મિલ્કતોનાં ગેરકાયદેસર બાંધકામને તોડી દુર કરવા બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનમાં મેગા ડીમોલીશન રાખી આઠ અલગ–અલગ વોર્ડ વિસ્તારમાં આઠ મિલ્કતોનાં ગેરકાયદેસર બાંધકામને તોડી દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૭/૧૨/૨૦૧૩ના રોજ કરવામાં આવેલ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત બાબત :–

સાઉથ ઝોન (ઉધના)માં એડી.સીટી ઈજનેરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧લી ડિસેમ્બરના રોજ "વિશ્વ એઈડસ દિન" મનાવવા બાબત :–

દર વર્ષે વિશ્વમાં ૧લી ડિસેમ્બરના રોજ "વિશ્વ એઈડસ દિન" મનાવવામાં આવે છે. આ દિન મનાવવાનો હેતુ લોકોમાં એચ.આઈ.વી/એઈડસ પ્રત્યે લોકોમાં જનજાગૃતિ લાવવાનો તેમજ એચ.આઈ.વી/એઈડસથી મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાંજલી આપવાનો તથા સમાજમાં એચ.આઈ.વી/એઈડસનો ચેપ ધરાવતા લોકો પ્રત્યે કલંક અને ભેદભાવ દુર કરવાનો છે. એચ.આઈ.વી/એઈડસનો સૌથી વધુ અસર યુવાનો તથા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગોપીપુરા તથા ઈન્દરપુરા વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબત :–

ગોપીપુરા પંચોલીવાડમાં આવેલ વોર્ડ નં.૧, નોંધ નં.૩૨૫૦ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રીમતિ ભારતીબેન કિશોરભાઈ રાણા અને બીજાઓ તથા વોર્ડ નં.૧, નોંધ નં.૩૨૫૧ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ...

વધુ માટે કલીક કરો >>>>>>

## માહે નવેમ્બર ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે નવેમ્બર ૨૦૧૩ દરમ્યાન ૪૨૨૩ ઈન્ડોર તથા ૩૭૫૭૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૩૪૩ તથા ૫૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૮૭૮૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૯૭ અને જુના ૧૩૬૨ દર્દીઓ સહીત કુલ ૧૯૫૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ 'રન ફોર યુનિટી' કાર્યક્રમનું આયોજન બાબત :–

સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકત્રીકરણ કરવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા સંદર્ભે રાજય સરકારશ્રી દ્વારા વલ્લભભાઈ પટેલના ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતા વિશ્વમાં ઊંચામાં ઊંચા સ્ટેચ્યૂની કેવડીયા ખાતે નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપના અંતર્ગત ગુજરાતના ૩૩ જિલ્લાઓના વિવિધ શહેરો સહીત દેશના ૫૬૨થી વધુ સ્થળોએ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં આવેલ ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટસના માસિક હપ્તાની રકમ ન ભરનારના આવાસ સીલ કરવાની કામગીરી દરમ્યાન એક જ દિવસમાં કુલ રૂા.૧૧,૦૦,૦૦૦/– ની વસુલાત કરી :–

પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ફા.પ્લોટ નં.૩૮માં આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસના કુલ–૫૨૮ ફલેટ આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ઝુપડપટ્ટીના રહીશોને સ્થળાંતર કરી ઈ.ડબલ્યુ.એસ. આવાસ ફાળવવામાં આવેલ. જેનો માસિક હપ્તો રૂા.૪૨૭/– છે. આ રકમ નિયમિતપણે ભરી જવા અત્રેની કચેરી તરફથી પ્રચારગાડી દ્વારા જાગૃત કરવામાં આવેલ હોવા છતાં આવાસના લાભાર્થીઓ દ્વારા આ રકમ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતા તથા ખાનગી એજન્સીનાં માણસો મારફતે તા.૦૬/૧૨/૨૦૧૩ નાં રોજ કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ટી.પી.સ્કીમ નં.૧૮ (કતારગામ) રે.સ.નં.૪૮૨, ફા.પ્લોટ નં.૬૦માં આવેલ દાન આશિષ સોસાયટીનાં સબ પ્લોટ નં.૩૧,૩૨,૩૩માં મિલ્કતદાર ધ્વારા બાંધકામ શરૂ કરતાં અત્રેથી સ્થળ પર કામ બંધ કરાવેલ, તેમ છતાં મિલ્કતદાર ધ્વારા સ્થળ પર કામ ચાલુ રખાતા આશરે ૭૦' × ૬૦' નાં માપ વિસ્તારમાં પ્લીન્થની ઉપરના ભાગે કરવામાં આવેલ આર.સી.સી. કોલમો તેમજ તેનું સેન્ટરીંગ કામનું બિન અધિકૃત બાંધકામ અત્રેથી દુર કરવામાં આવેલ છે તેમજ મિલ્કતદાર પાસેથી વહીવટી ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## "Run for unity" કાર્યક્રમ બાબત :–

સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા સંદર્ભે રાજય સરકારશ્રી દ્વારા સરદાર પટેલના ૧૮૨ મીટર ઉંચાઈ ધરાવતા વિશ્વમાં ઉંચામાં ઉંચા સ્ટેચ્યુની કેવડીયા–નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપના અંતર્ગત ગુજરાતના ૩૩ જિલ્લાઓના વિવિધ શહેરો સહિત દેશના ૫૬૨ થી વધુ સ્થળોએ તા.૧૫/૧૨/૨૦૧૩ના રોજ "Run for unity" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત શહેરમાં તા.૧૫/૧૨/૨૦૧૩ને રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે "Run for unity"નું આયોજન વેસુ વી.આઈ.પી.રોડ, કેનાલ વોક શોપર્શ, એલ.પી.સવાણી એકેડમી પાસેના કેનાલ જંકશન, વેસુ, સુરત ખાતે કરવામાં આવેલ છે. જે વેસુ વી.આઈ.પી.રોડ, કેનાલ વોક શોપર્શ, એલ.પી.સવાણી એકેડમી પાસેના કેનાલ જંકશનથી શરૂ થઈ આભવા વેસુ જંકશન થઈ પરત એલ.પી.સવાણી એકેડમી પાસેના કેનાલ જંકશન પાસે પરત આવવાનું રહેશે. જેનું અંતર ૨ કિ.મી.નું રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ઓન–લાઈન રજીસ્ટ્રેશન વેબસાઈટ www.runforunity.com ઉપર કરવાનું રહેશે. સુરત શહેર અને જીલ્લાના દરેક વર્ગના બાળકો, વિદ્યાર્થીઓ, મહિલાઓ, પુરૂષો, સીનીયર સીટીજન નાગરિકોને સમયસર વેબસાઈટ www.runforunity.com ઉપર મહત્તમ રજીસ્ટ્રેશન કરી મોટી સંખ્યામાં ઉત્સાહ પૂર્વક ભાગ લઈ સહભાગી થવા અનુરોધ  છે.

TOP

## ખેલ મહાકુંભ–૨૦૧૩ તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૧૨/૧૨/૨૦૧૩

સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે "ખેલ મહાકુંભ ૨૦૧૩" અંતર્ગત તા.૨૩/૧૧/૨૦૧૩ થી તા.૧૨/૧૨/૨૦૧૩ દરમ્યાન મહાનગરપાલિકાની શાળા કક્ષા, ઝોન કક્ષા તથા શહેર કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકાની ઝોન કક્ષાની રમતો પૈકી તા.૦૫/૧૨/૨૦૧૩ઉના રોજ ચેસ સ્પર્ધામાં ભાઈઓ–૧૩૭૮ અને બહેનો–૬૦૯ મળી કુલ–૧૯૮૭ રમતવીરોએ, એથ્લેટીકસ સ્પર્ધામાં ભાઈઓ–૫૦૧ અને બહેનો–૩૪૩ મળી કુલ–૮૪૪ ખેલાડીઓએ, ખોખોમાં ભાઈઓ–૪૮૦ અને બહેનો–૮૭૬ મળી કુલ–૧૩૫૬ ખેલાડીઓએ ભાગ લીધો હતો. હવે તા.૦૭/૧૨/૨૦૧૩ને શનિવારના રોજની ઝોન કક્ષાની એથ્લેટીકસ રમતની સ્પર્ધા નીચેના સ્થળે યોજાશે.

**ઝોન કક્ષાની રમતોની સ્પર્ધાઓ**

| ક્રમ | સ્પોર્ટસ ઝોન | તારીખ | રમત | રમતનું સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | રાંદેર | 07/12/2013 | એથ્લેટીકસ | બોટાવાલા હોસ્ટેલ ગ્રાઉન્ડ, રાંદેર, સુરત. |

સુરત શહેર કક્ષાની રમતો પૈકી તા.૦૫/૧૨/૨૦૧૩ના રોજ કબડ્ડી સ્પર્ધામાં ૧૯૨ બહેનોએ, જુડોમાં ૧૨૪ ભાઈઓએ, ટેબલ ટેનિસમાં ૩૬૪ ભાઈઓએ અને હોકી સ્પર્ધામાં ૧૯૨ બહેનો મળી કુલ–૮૭૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો. હવે પછી સુરત શહેર કક્ષાની બાકી રમતોની સ્પર્ધાઓ નીચે મુજબના સ્થળોએ યોજાશે.

**સુરત શહેર કક્ષાની સીધી રમતો**

| ક્રમ | રમતનું નામ | વિભાગ | તારીખ | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ટેબલ ટનિસ | બહેનો | 07/12/13 | સરીતા સાગર સંકુલ, અડાજણ, સુરત. |
| ૨ | ચેસ | બહેનો | 07/12/13 | દિલ્હી પબ્લીક સ્કૂલ, ડુમસ રોડ, વેસુ, સુરત. |
| ૩ | ખોખો | બહેનો | 07/12/13 | આઈ.જી.દેસાઈ વિદ્યાલય, ભટાર ચાર રસ્તા, સુરત. |
| | | ભાઈઓ | 07/12/13<br>08/12/13 | |
| ૪ | કુસ્તી | ભાઈઓ | 07/12/13 | રાયન ઈન્ટરનેશનલ સ્કુલ, ઝૂંઢનાથ ડુમ્મસ રોડ, સુરત. |
| | | બહેનો | 09/12/13 | |
| ૫ | હેન્ડબોલ | અં–૧૬ ભાઈઓ–બહેનો | 07/12/13 | ટી.જી.બી.ગ્રાઉન્ડ/લક્ષ્મી ફાર્મ કોર્પોરેશન ગ્રાઉન્ડ, એલ.પી.સવાણી રોડ, અડાજણ સુરત. |
| | | અબઉ–૧૬ બહેનો | 08/12/13 | |
| | | અબઉ–૧૬ ભાઈઓ | 08/12/13<br>09/12/13 | |
| ૬ | તીરંદાજી | ભાઈઓ–બહેનો | 08/12/13 | ટી.જી.બી.ગ્રાઉન્ડ/લક્ષ્મી ફાર્મ કોર્પોરેશન ગ્રાઉન્ડ, એલ.પી.સવાણી રોડ, અડાજણ સુરત. |
| ૭ | શુટીંગબોલ | ૪૫ વર્ષ ઉપરના ભાઈઓ | 09/12/13 | શારદાયતન સ્કૂલ, પીપલોદ, સુરત. |
| ૮ | વોલીબોલ | બહેનો | 09/12/13 | શારદાયતન સ્કૂલ, પીપલોદ, સુરત. |
| | | ભાઈઓ | 09/12/13<br>10/12/13 | |
| ૯ | બાસ્કેટબોલ | અં–૧૬ ભાઈઓ | 09/12/13<br>10/12/13 | એસ.વી.એન.આઈ.ટી., પીપલોદ, સુરત. |
| | | અં–૧૬ બહેનો | 10/12/13 | |
| | | અબઉ–૧૬ભાઈઓ–બહેનો | 11/12/13 | |
| ૧૦ | એથ્લેટીકસ | ભાઈઓ | 10/12/13 | એમ.ટી.બી.કોલેજ, અઠવાલાઈન્સ, સુરત. |
| | | બહેનો | 11/12/13 | |
| ૧૧ | ટેકવેન્ડો | ભાઈઓ | 11/12/13 | શારદાયતન સ્કૂલ, પીપલોદ, સુરત. |
| | | બહેનો | 12/12/13 | |

ખેલમહાકુંભ–૨૦૧૩ની તમામ રમતો પૈકી સવારના સેશનની તમામ સ્પર્ધાઓ સવારે ૭.૩૦ કલાકે અને બપોરના સેશનની તમામ સ્પર્ધાઓ બપોરે ૧.૦૦ કલાકથી શરૂ થશે. જેથી રજીસ્ટર્ડ થયેલ તમામ સ્પર્ધકોએ જે તે રમતના સ્થળે સમયસર હાજર રહેવા તથા શહેરની રમતપ્રેમી જાહેર જનતાને સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેવા વિનંતી.

વધુમાં ઝોન કક્ષા તથા શહેર કક્ષાની રમાનાર રમતો તથા મેદાનોની માહિતી સહિતનો વિગતવાર કાર્યક્રમ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmunicipal.gov.in અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરતની વેબ સાઈટ www.deosurat.com પરથી મળી શકશે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૬/૧૨/૨૦૧૩ના રોજ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત બાબત :–

**વસુલવામાં આવેલ ડિમોલીશન ચાર્જ રૂા.૧૫,૦૦૦/– તથા ડિપોઝીટ રૂા.૧૫,૦૦૦/–**

સાઉથઝોન (ઉધના)માં કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના અને માર્ગદર્શન હેઠળ નીચે મુજબની ડીમોલેશનની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) મોજે–ઉધના, ઉધના ઉધોગનગર સંઘ, શેડ નં.૧૧૮ અને ૧૧૯, પ્લોટ નં.૨૫૧, બી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, રોડ નં.૦૩, ઉધનામાં માર્જીન વિસ્તારમાં ફસ્ટ ફલોર તેમજ સેકન્ડ ફલોર પર અનાધિકૃત બાંધકામ કરવામાં આવેલ. જેમાં તા.૦૬/૧૨/૨૦૧૩ના રોજ બાંધકામ ડીમોલેશન કરી ૩૫૦ ચો.ફુટ માપ વિસ્તારનો આર.સી.સી. સ્લેબ દૂર કરવામાં આવેલ છે. વધુમાં ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૧૫,૦૦૦/– વહિવટી ચાર્જ (ડીમોલેશન ચાર્જ) રસીદ નં.૪૩૩૬૯૭ તા.૦૬/૧૨/૨૦૧૩ તથા રૂા.૧૫,૦૦૦/– રસીદ નં.૪૨૩૬૯૦ તા.૦૬/૧૨/૨૦૧૩ ડિપોઝિટ પેટે વસુલ લેવામાં આવેલ.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ તથા દબાણ સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનમાં મેગા ડીમોલીશન રાખી અલગ–અલગ વોર્ડ વિસ્તારમાં આઠ મિલ્કતોનાં ગેરકાયદેસર બાંધકામને તોડી દુર કરવા બાબત :–

સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોનમાં મેગા ડીમોલીશન રાખી આઠ અલગ–અલગ વોર્ડ વિસ્તારમાં આઠ મિલ્કતોનાં ગેરકાયદેસર બાંધકામને તોડી દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

(૧) સગરામપુરા સીંધીવાડ વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૨, નોંધ નં.૩૦૮૪–અ વાળી મિલ્કતમાં મંજુર પ્લાન વિરુધ્ધ વધારાનાં માળનું બાંધકામ કરવામાં આવેલ હોવાથી મિલ્કતદારશ્રી ઝહીદ એહમદ ગુલામનબી મલેકની ધી બી.પી.એમ.સી. એકટ મુજબ મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ હતી. જેનો મિલ્કતદાર તરફથી કોઈ અમલ કરવામાં ન આવતાં આજ રોજ વધારાનાં માળનું આશરે ૭૫૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે.

(૨) ગોપીપુરા સુભાષચોક થી હનુમાન ચાર રસ્તા ઉપરના મુખ્ય માર્ગ પર આવેલ વોર્ડ નં.૮, નોંધ નં.૧૭૩૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા ભોંયતળીયે દુકાન અને પાર્કિંગ સહિત ચાર માળનાં પ્લાન મંજુર કરાવેલ હતાં. જેમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ પાંચમાં માળે અડધા ભાગમાં આશરે ૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે મિલ્કતદારને ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં આજ રોજ મજકુર વધારાનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

(૩) સોની ફળીયા મેઈન રોડ ઉપર દત્ત મંદિરની બાજુમાં વોર્ડ નં.૧૦, નોંધ નં.૧૮૧૩ વાળી મિલ્કતમાં હયાત જુની મિલ્કતને રીપેરીંગ કરવાનાં આશયથી કરવામાં આવેલ વધારાનાં માળનાં બાંધકામ અંગે મજકુર મિલ્કતનાં હિત ધરાવનાર શ્રી નટવરલાલ ગોવિંદ રાણા વતી મો.આસીફ મો.ઐયુબ કાપડીયાને ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં તા.૦૭/૦૯/૧૩ના રોજ વધારાનાં પાંચમાં માળનું બાંધકામ દુર કરવામાં આવેલ હતુ તેમજ તે સિવાયનું અન્ય બાંધકામ તેઓએ સ્વૈચ્છિક રીતે દુર કરવા બાંહેધરી આપેલ. પરંતુ તેનો અમલ નહીં કરતાં આજ રોજ ચોથામાળનું આશરે ૫૫૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

(૪) નવાપુરા પારસીશેરીમાં આવેલ વોર્ડ નં.૩, નોંધ નં.૧૪૬/અ–બ, ૧૪૭,૧૪૮ અને ૧૮૧ વાળી મિલ્કતનાં પ્લાનશ્રી ગીતાબેન મહેન્દ્રભાઈ શાહ અને બીજાઓનાં નામે મંજુર કરાવવામાં આવેલ હતાં. જેથી મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ કરવામાં આવેલ વધારાનાં બાંધકામ બાબતે મિલ્કતદારને ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં અત્રેથી તાકીદની નોટીસ આપી દિન–૩માં બાંધકામ દુર કરવા જણાવવામાં આવેલ. જે અંગે મિલ્કતદાર ધ્વારા મજકુર બાંધકામ દુર કરવામાં ન આવતાં આજરોજ વધારાનાં પાંચમાં માળનું આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું આર.સી.સી.સ્લેબ, બીમ, કોલમ સહિતનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

(૫) બેગમપુરા મોતી ટોકીઝ વોર્ડ ઓફિસની સામે આવેલ વોર્ડ નં.૪, નોંધ નં.૪૩૦૬ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી હરેશ વીરુમલ ગુરબાની ધ્વારા ભોંયતળીયા વત્તા ત્રણ માળનાં પ્લાન મંજુર કરાવવામાં આવેલ હતાં. જેથી મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ કરવામાં આવેલ વધારાનાં ચોથામાળનું આશરે ૭૫૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ આજ રોજ તોડી દુર કરવામાં આવેલ છે.

(૬) બેગમપુરા હાથીવાળાની શેરીમાં આવેલ વોર્ડ નં.૪, નોંધ નં.૪૨૪૮/એ–બી વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી કનૈયાલાલ ચંપકલાલ જરીવાલા ધ્વારા પ્લાન મંજુર કરાવવામાં આવેલ હતાં. જેથી મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ કરવામાં આવેલ વધારાનાં ચોથામાળનાં બાંધકામ અંગે ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં આજ રોજ વધારાના ચોથા માળનું આશરે ૯૫૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

(૭) નાણાવટ મેઈન રોડ ઉપર લખપતિ હોસ્પીટલ પાસે વોર્ડ નં.૧૧, નોંધ નં.૧૨૨૧/૧/૨ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ કરવામાં આવેલ પાંચમાં માળનાં વધારાનાં બાંધકામ અંગે ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં આજ રોજ પાંચમાં માળનું આશરે ૧૨૦૦ ચો.ફુટ માપ વિસ્તારનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

(૮) રોહિત ફળીયા હોડી બંગલા પાસે આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.૭૭૧ વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા કરવામાં આવેલ મંજુરી વગરનાં બાંધકામ અંગે ધી.બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં મજકુર મિલ્કતમાં આજ રોજ પાંચમાં માળનું આશરે ૯૫૦ ચો.ફુટ માપ વિસ્તારનું આર.સી.સી. ચણતર પ્લાસ્ટર સહિતનું બાંધકામ તોડી દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત તમામ ગેરકાયદેસર બાંધકામો ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ તોડી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જે કામગીરીમાં ૧૫૦ બેલદારો આર.સી.સી. બ્રેકર મશીન–૨૦, ગેસ કટર–૦૪ તેમજ ટ્રક/મઝદા–૦૮ અને સેન્ટ્રલ ઝોનનાં ટેકનીકલ સ્ટાફ અને શીકયોરીટી સ્ટાફની મદદથી કામગીરી પાર પાડવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં તા.૦૭/૧૨/૨૦૧૩ના રોજ કરવામાં આવેલ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત બાબત :–

સાઉથ ઝોન (ઉધના)માં એડી.સીટી ઈજનેરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ નીચે મુજબના સ્થળોએ ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ.

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૭(પાંડેસરા) ફા.પ્લોટ નં.૨૯ માં કોમર્શીયલ હેતુસરનું અનઅધિકૃત બાંધકામ શરૂ કરવામાં આવેલ. જે અત્રેથી વારંવાર બંધ કરાવવા છતા શરૂ કરવામાં આવતા તા.૦૭/૧૨/૧૩ ના રોજ આશરે ૧૦૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરકામ તથા આર.સી.સી. કામ દુર કરવામાં આવેલ છે.

TOP

## ૧લી ડિસેમ્બરના રોજ "વિશ્વ એઈડસ દિન" મનાવવા બાબત :–

દર વર્ષે વિશ્વમાં ૧લી ડિસેમ્બરના રોજ "વિશ્વ એઈડસ દિન" મનાવવામાં આવે છે. આ દિન મનાવવાનો હેતુ લોકોમાં એચ.આઈ.વી/એઈડસ પ્રત્યે લોકોમાં જનજાગૃતિ લાવવાનો તેમજ એચ.આઈ.વી/એઈડસથી મૃત્યુ પામેલ લોકોને શ્રધ્ધાંજલી આપવાનો તથા સમાજમાં એચ.આઈ.વી/એઈડસનો ચેપ ધરાવતા લોકો પ્રત્યે કલંક અને ભેદભાવ દુર કરવાનો છે. એચ.આઈ.વી/એઈડસનો સૌથી વધુ અસર યુવાનો તથા મહિલાઓમાં થતી હોય આ વર્ષે એસ.ટી.ડી. કેર પ્રોજેકટ ધ્વારા દર વર્ષે સુરત શહેર ખાતે ૧૦ કોલેજોમાં આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી તા. ૦૫/૧૧/૨૦૧૩ ના રોજ પી.ટી. મહિલા કોલેજ ઓફ આર્ટસ એન્ડ હોમ સાયન્સના કુલ ૧૫૦ જેટલી વિદ્યાર્થીનોઓ હાજર રહેલ અને તે પૈકી ૧૦ વિદ્યાર્થીનીઓએ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ. ત્યાર બાદ બીજા દિવસે તા.૦૬/૧૧/૨૦૧૩ ના રોજ નર્સિંગ કોલેજ , વનિતા વિશ્રામ ખાતે વકતૃત્વ સ્પર્ધાનુ આયોજન કરેલ જેમાં અનુક્રમે ૫૦ જેટલી વિદ્યાર્થીનીઓ તેમજ તે જ દિવસે શારદાનિકેતન વિદ્યાલય, હીરાબાગ ખાતે વકતૃત્વ સ્પર્ધાનુ આયોજન કરેલ જેમાં ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ હાજર રહેલ આ શાળા તેમજ કોલેજોમાં પણ ૧૦ વિદ્યાર્થીઓએ આ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધેલ. સ્પર્ધામાં વકતાઓને આપવામાં આવેલ વિષય " એચ.આઈ.વી/એઈડસ એક સામાજિક સમસ્યા" વિષય આપવામાં આવેલ હતો અને દરેક સભ્યને તેમના વકતૃત્વ માટે પાંચ મીનીટ આપવામાં આવેલ જેમાં દરેક સ્પર્ધકે ઉત્સાહ પૂર્વક ભાગ લઈ પોતાના મંતવ્યો તથા વિચારો રજુ કરે.

**આ સ્પર્ધામાં વિજેતા થનાર વિદ્યાર્થીઓ નીચે મુજબ હતા**

| વિજેતા ક્રમ | હોમ સાયન્સ કોલેજ, વનિતા વિશ્રામ | નર્સીંગ કોલેજ, વનીતા વિશ્રામ | શારદાનિકેતન વિદ્યાલય, હીરાબાગ |
|---|---|---|---|
| પ્રથમ ક્રમ | કુ. અન્વેશા મહંતી | કુ. જીગીશા પટેલ | શ્રી હિરેન કરેણા |
| દ્વીતિય ક્રમ | શ્રમિતી રીધ્ધી મયંક | કુ. અંકીતા ચૌધરી | કુ. ટવીંકલ પરમાર |
| તૃતિય ક્રમ | કુ. પીરઝાદા સાફીયા | કુ. ગૌરી હડીયા | કુ. શ્રધ્ધા બેલડીયા |

હોમ સાયન્સ કોલેજનાં ત્રણેય વિજેતાઓને હાજર રહેલ વનીતા વિશ્રામ વિભાગના ઓનરરી એડવાઈઝર ડો. એસ.કે. મહંતી સાહેબ તથા ડો. જે.કે. કોસંબીયા સાહેબ, પ્રોફેસર, પી.એસ.એમ. વિભાગ, ગર્વમેન્ટ મેડીકલ કોલેજ ધ્વારા ટ્રોફી અને મેયરશ્રી અને કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાની સહીથી સર્ટીફીકેટ આપવામાં આવેલ. જયારે નર્સીંગ કોલેજ, વનિતા વિશ્રામ ખાતે તેમના ટ્રસ્ટીશ્રી હેમંતભાઈ મહેતા, એડવાઈઝર ડો. એસ.કે. મહંતીસાહેબ તથા પ્રિન્સીપલશ્રી નીલાબેન મહેતા જયારે શારદાનિકેતન વિદ્યાલયના પ્રિન્સીપલશ્રીએ વિજેતાઓને ટ્રોફી તથા સર્ટીફીકેટ આપવામાં આવેલ હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા ગોપીપુરા તથા ઈન્દરપુરા વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબત :–

(૧) ગોપીપુરા પંચોલીવાડમાં આવેલ વોર્ડ નં.૧, નોંધ નં.૩૨૫૦ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રીમતિ ભારતીબેન કિશોરભાઈ રાણા અને બીજાઓ તથા વોર્ડ નં.૧, નોંધ નં.૩૨૫૧ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી મહંમદ ઈલ્યાસ હાજીઅહમદભાઈ પટેલ ધ્વારા અનુક્રમે તા.૦૯/૦૭/૧૨ અને તા.૨૧/૦૨/૧૨ થી પ્લાન મંજુર કરાવેલ હતાં. જેમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ બંને મિલ્કતોને ભેગી કરી વધારાનાં પાંચમાં માળે આશરે ૧૧૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે મિલ્કતદારને ધી બી.પી.એમ.સી.એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતાં અત્રેથી તાકીદની નોટીસ આપી દિન–૩માં બાંધકામ દુર કરવા જણાવવામાં આવેલ. જે અંગે મિલ્કતદાર ધ્વારા મજકુર બાંધકામ દુર કરવામાં ન આવતાં આજ રોજ તા.૧૧/૧૨/૧૩ થી વધારાનું બાંધકામ તોડી પાડી દુર કરવામાં આવેલ છે.

(૨) ઈન્દરપુરા, ખત્રીવાડમાં આવેલ વોર્ડ નં.૪, નોંધ નં.૩૨૩૬ વાળી મિલ્કતમાં મિલ્કતદાર શ્રી અબ્બાસભાઈ લીમખેડાવાળા અને બીજાઓ ધ્વારા તા.૧૨/૦૫/૨૦૧૧ થી પ્લાન મંજુર કરાવેલ હતાં. જેમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ વધારાનાં ચોથા માળે આશરે ૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અંગે મિલ્કતદારને ધી બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મનાઈ હુકમ તથા કારણ દર્શક નોટીસ પાઠવવામાં આવેલ હતી. જે અંગે મિલ્કતદાર ધ્વારા મજકુર બાંધકામ દુર કરવામાં ન આવતાં આજ રોજ તા.૧૧/૧૨/૧૩ થી વધારાનું બાંધકામ તોડી પાડી દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત ગેરકાયદેસર બાંધકામો ઝોનલ ચીફ અને સીટી ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ તોડી દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ હતી.

TOP

તમામ ઝોનની સફાઈ ઝુંબેશ

## તા. ૧૧–૧૨–૨૦૧૩ બુધવાર

| અનં | વિગત | Total |
|---|---|---|
| અ | સફાઈ ઝુંબેશનો વિસ્તાર | |
| બ | કુલ ટીમની સંખ્યા | ૩૨ |
| ૧ | ડે. ઈજનેર | ૫ |
| ૨ | મુખ્યઆરોગ્ય નિરીક્ષક | ૧૬ |
| ૩ | જુ. –આસી. ઈજનેર / સુપરવાઈઝર | ૮ |
| ૪ | ગુમાસ્તાધારા ઈન્સ્પેકટર | ૮ |
| ૫ | ટેકનીકલ આસી. | ૫ |
| ૬ | વાયરમેન | ૫ |
| ૭ | આરોગ્ય નિરીક્ષક / મ.આ. નિરીક્ષક | ૬૧ |
| ૮ | ડ્રેનેજ ઈન્સ્પેકટર | ૧ |
| ૯ | પ્રાયમરી હેલ્થ વર્કરો | ૩૭ |
| ૧૦ | કડીયા | ૨ |
| ૧૧ | સફાઈ કામદારો / બેલદારો | ૦ |
| ૧૧ અ | આરોગ્યવિભાગ | ૬૩૬ |
| ૧૧ બ | લોકસેવા વિભાગ | ૧૫૬ |
| ૧૧ ક | ડ્રેનેજ વિભાગ | ૦ |
| ૧૨ | કચરા મિશ્રિત માટીનાં ઢગલા, સ્કેપીંગ મટીરીયલ, ડેબ્રીશનો નિકાલ કુલ મે. ટન | ૫૩.૭૫ |
| ૧૩ અ | દબાણ દુર કર્યાની વિગત | ૮ |
| ૧૩ બ | લારી | ૨ |
| ૧૩ ક | ગલ્લા | ૨ |
| ૧૩ ડ | અન્ય સામાન | ૦ |
| ૧૪ | ગુમાસ્તાધારા વિભાગ તરફથી ચેક થયેલ સંસ્થા | ૨૧૮ |
| ૧૫ અ | પ્રોફેશન ટેક્ષ અંતર્ગત કરેલ કામગીરી ચેક કરેલ સંસ્થા : | ૧૧૨ |
| ૧૫ બ | વસુલ કરેલ ટેક્ષની રકમ રૂા. | ૧૦૭૫૦ |
| ૧૬ | ફુટપાથ રીપેર કરી કુલ ચો. મી. | ૧૦ |
| ૧૭ | વોટરટેબલ રિસેટ કર્યા / રીપેર કર્યા / સ્ક્રેપીંગ કરી સાફ કર્યા કુલ (રનીંગ મીટર) | ૧૨૧૫ |
| ૧૮ અ | વરસાદી જાળીયા સાફ કર્યા નંગ | ૮ |
| ૧૮ બ | વરસાદી જાળીયા રીપેર કર્યા | ૭ |
| ૧૯ | લાઈટ વિભાગની કામગીરી | ૯૩ |
| વી.બી.ડી.સી. વિભાગની કામગીરી | | |
| ૨૦ | કુલ ઘર સર્વે | ૮૧૫૫ |
| ૨૧ | બ્રીડીગ સ્પોટ ચેક કર્યા | ૧૭૩૫૦ |
| ૨૨ | પોઝીટીવ બ્રીડીગ સ્પોટ | ૫૫ |
| ૨૩ | બ્રીડીગ નાશ કર્યા | ૫૫ |
| ૨૪ અ | એનો. | ૧૨ |
| ૨૪ બ | એડીસ | ૧૪ |
| ૨૪ ક | કયુલેકસ | ૦ |
| ૨૪ ડ | મિશ્ર | ૪ |
| ૨૫ | તાવનાં કેસમાં સ્લાઈડ લીધી | ૪૫૯ |
| ૨૬ | એફ.આર.ટી. આપી | ૩૮ |
| ૨૭ | ફોગીંગ આયોજન | ૦ |

| | | |
|---|---|---|
| ૨૮ | **કુલ નોટીસ / ચેતવણી** | ૧૯૫ |
| ૨૯ | **વહીવટી ખર્ચ વસુલાત** | ૬૬૮૫૦ |
| ૩૦ | **ઈસમોની સંખ્યા** | ૨૮૨ |
| ૩૧ | **પ્રતિબંધીત પ્લાસ્ટીક જપ્ત કી.ગ્રા.** | ૧૧.૧ |
| ૩૨ | **અખાધ પ્રદાથોનો નાશ કી.ગ્રા.** | ૪૯.૫ |
| ૩૩ | **આંગણવાડીઓ ચેક કરી** | ૨ |
| ૩૪ | **શાળાઓ / સરકારી મકાન ચેક કર્યા** | ૦ |
| ૩૫ | **કામગીરીમાં જોડાયેલ આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાઓ / શાળાઓની વિગત** | ૦ |

સફાઈ ઝુંબેશનો વિસ્તારઃ—

| | | |
|---|---|---|
| સેન્ટ્રલ ઝોન | : | નાનપુરા ખોજા કબ્રસ્તાન થી સ્નેહ મિલન ગાર્ડન થઈ સોરઠીયા પંચની વાડી સુધી, વિજય વલ્લભ સર્કલથી નાડીયાવાડ થઈ રાજેશ્રી ટોકીઝ સુધી, ક્રાઉન ડેરીથી લખપતી હોસ્પી. થઈ ધરમના કાંટા ચાર રસ્તા સુધી, મોતીટોકીઝ ચાર રસ્તાથી વોર્ડ ઓફીસ થઈ મુંબઈ વડ નવાબવાડી રોડ થઈ સહારા દરવાજા. |
| વરાછા ઝોન | : | લાભેશ્વરથી આઈ.સી.ગાંધી રોડ થઈ વર્ષા—ર માર્કેટ થઈ વર્ષા ટર્નીંગ, વર્ષા ટર્નીંગ થઈ કુબેરનગર થઈ કમલપાર્ક સુધી, વર્ષા ટર્નીંગ થી હરીધામ થઈ અર્ચના સ્કુલ, અર્ચના સ્કુલથી સીતારામ ચેક પોસ્ટ અને રંગ અવધુત સોસા.થી કમલપાર્ક સુધી. |
| રાંદેર ઝોન | : | સત્યમ એપાર્ટમેન્ટથી હનુમાન ચોક થઈ શુકન એપાર્ટ., ચીસ્તીયા એપાર્ટ થી નેરેઈલાહી એપાર્ટ.સુધી, હનુમાન ચોકથી સંસ્કાર ટેના. થઈ અલી રો હાઉસ સુધી, સના કોર્નરથી આસોપાલવ એપાર્ટ. સુધી, આસોપાલવ એપાર્ટ. થી બેજનવાલા કોમ્પલેક્ષ સુધી. |
| કતારગામ ઝોન | : | મીનાક્ષીવાડી રોડ, ખોડીયાર માતાના મંદીરથી ડેરી ફળીયા ચોરા સુધી તેમજ મહાદેવ ફળીયાથી લાયબ્રેરી કન્ટેનર સુધી તેમજ ડેરી ફળીયાથી મસ્જીદ મહાદેવ સુધીનો રોડ |
| ઉધના ઝોન | : | શાંતિનિકેતન સોસાયટી, ભકિતનગર—૧,ર, બમરોલી અપેક્ષા નગર ચાર રસ્તા, ધ્વારાકેશનગર, કૈલાસનગર—૧ |
| અઠવા ઝોન | : | વી.આઈ.પી.રોડ જી.ડી. ગોએન્કા સર્કલથી રત્નજયોતિ એપાર્ટ, ટ્રેક |
| લીંબાયત ઝોન | : | ગોડાદરા હેલ્થ સેન્ટરથી અંબામાતાના મંદીર તેમજ વૃદવન સોસાયટી રોડ સુધી, ચંદા ડેરી મેઈનરોડથી હનુમાન મંદીર જલારામનગર થઈ ચીનુભાઈ ઘર થઈ વિનોબાનગર વચ્ચેનો મેઈનરોડ, સપના પાન સેન્ટરથી ટર્નીંગ સુધી, સંજય નગર પોલીસચોકી રોડ તથા જય સંતોષી મા પ્રતાપનગર, રણછોડનગર ટાવરથી અંબામાતા મંદિર સુધી, યાદવ કોર્પોરેશનથી રામેશ્વર નગર મેદાન તેમજ રંગીલા નગર કેશન વિધાલયથી રંગીલાનગર ટાઉનશીપ સુધી. |

## માહે નવેમ્બર ૨૦૧૩ સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગરીરી અંગેનો અહેવાલ :–

સ્મીમેર હોસ્પીટલમાં માહે નવેમ્બર ૨૦૧૩ દરમ્યાન ૪૨૨૩ ઈન્ડોર તથા ૩૭૫૭૫ આઉટ ડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૨૩૪૩ તથા ૫૮૯ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ૮૭૮૩ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૫૯૭ અને જુના ૧૩૬૨ દર્દીઓ સહીત કુલ ૧૯૫૯ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૨૫૪ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૭૩૯ તથા આંખ વિભાગમાં ૨૬૫૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી તથા બ્લડબેંક વિભાગમાં કુલ ૧૪૫૫૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતુ. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ 'રન ફોર યુનિટી' કાર્યક્રમનું આયોજન બાબત :–

સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકત્રીકરણ કરવાનું ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પાર પાડવા સંદર્ભે રાજય સરકારશ્રી દ્વારા વલ્લભભાઈ પટેલના ૧૮૨ મીટર ઊંચાઈ ધરાવતા વિશ્વમાં ઊંચામાં ઊંચા સ્ટેચ્યૂની કેવડીયા ખાતે નર્મદાના સાધુ બેટ ખાતે સ્થાપના અંતર્ગત ગુજરાતના ૩૩ જિલ્લાઓના વિવિધ શહેરો સહીત દેશના ૫૬૨થી વધુ સ્થળોએ તા. ૧૫/૧૨/૨૦૧૩ ના રોજ 'રન ફોર યુનિટી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

સુરત શહેરમાં તા. ૧૫/૧૨/૨૦૧૩ રવિવારના રોજ સવારે ૭:૦૦ કલાકે 'રન ફોર યુનિટી' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જે સંદર્ભે 'રન ફોર યુનિટી' કાર્યક્રમમાં વધુમાં વધુ લોકો ભાગ લઈ શકે તે અંગેની જન જાગૃતિ માટે જાગૃતિ સભાનું આયોજન હરે કૃષ્ણ હોલ સૌરાષ્ટ્ર પટેલ ભવન વરાછા રોડ સુરત ખાતે રાત્રે ૯:૦૦ કલાકે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત, સુરત ડાયંમડ એસો. અને સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળના સંયુકત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે ધારા સભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી,ડે.કમિશનરશ્રી પી.જે.ઝાલા, શાસક પક્ષના નેતાશ્રી આર.કે.લાઠીયા., સુરત ડાયમંડ એસો. ના પ્રમુખશ્રી દિનેશભાઈ નાવડિયા, સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ ના પ્રમુખશ્રી મથુરભાઈ સવાણી વિગરે એ 'રન ફોર યુનિટી' કાર્યક્રમમાં વધુ માં વધુ લોકો જોડાય તે માટે આહવાન કર્યુ હતું. શ્રી મથુરભાઈ સવાણી એ જણાવ્યું હતુ કે દરેક ઘરમાં વાહન હોય એક કારમાં ચારથી પાંચ વ્યકિત સ્વયંભૂ કાર્યક્રમના સ્થળે પહોંચી જાય તે માટે વિનંતી કરી હતી. બે લાખ થી વધુ લોકો ભાગ લેશે એવી ખાતરી આપી હતી.

સુરત ડાયમંડ એસો.ની ઓનલાઈન નોંધણી ચાલુ છે. વરાછા બેન્કની તમામ શાખાઓમાં 'રન ફોર યુનિટી' માં ભાગ લેવા માટે નામ નોધાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. કોઈપણ વ્યકિત પાસે ઈન્ટરનેટની સુવિધા ઉપલબ્ધ ન હોય તેઓ નામ નોંધાવી શકશે. જે શાળાઓ પોતાના બાળકોને 'રન ફોર યુનિટી' કાર્યક્રમમાં ભાગ લેવા માંગતી હોય અને તેને બસ ની જરૂર હોય તો પી.પી.સવાણી તરફથી બસની સુવિધા પુરી પાડવામાં આવશે.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખશ્રી કાનજીભાઈ ભાલાળા એ કર્યુ હતુ. લોક સમર્પણ બ્લડ બેન્કના પ્રમુખશ્રી હરીભાઈ કથીરીયા એ આભાર વિધિ કરી હતી.

વિશેષ ઉપસ્થિતીમાં ટી.પી.કમિટિના ચેરમેનશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, શહેર ભાજપના ઉપપ્રમુખશ્રી રમેશભાઈ ગજેરા, મહામંત્રીશ્રી લલિતભાઈ વેકરીયા, મંત્રી શ્રી અંજુબેન વેકરીયા ઉપરાંત મોટી સંખ્યામાં મ્યુ. સદસ્યશ્રીઓ અને સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

TOP

## પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં આવેલ ઈ.ડબલ્યુ.એસ. કવાર્ટસના માસિક હપ્તાની રકમ ન ભરનારના આવાસ સીલ કરવાની કામગીરી દરમ્યાન એક જ દિવસમાં કુલ રૂા.૧૧,૦૦,૦૦૦/– ની વસુલાત કરી.

પૂર્વ (વરાછા) ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૩(કરંજ), ફા.પ્લોટ નં.૩૮માં આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસના કુલ–૫૨૮ ફલેટ આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા ઝુપડપટ્ટીના રહીશોને સ્થળાંતર કરી ઈ.ડબલ્યુ.એસ. આવાસ ફાળવવામાં આવેલ. જેનો માસિક હપ્તો રૂા.૪૨૭/– છે. આ રકમ નિયમિતપણે ભરી જવા અત્રેની કચેરી તરફથી પ્રચારગાડી દ્વારા જાગૃત કરવામાં આવેલ હોવા છતાં આવાસના લાભાર્થીઓ દ્વારા આ રકમ ભરવામાં આવતી નથી. જેથી આજરોજ મહાનગરપાલિકાના વરાછા ઝોનનો સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફની મદદથી કુલ–૩૭૫ આવાસોને સીલ કરવામાં આવેલ છે. સ્થળ ઉપર જે આવાસના નાણાં ભરપાઈ કરવામાં આવ્યા તે આવાસોના સીલ ખોલી આપવામાં આવ્યા. આમ, આ અભિયાનમાં આજ રોજે બપોરે ૪ : ૦૦ વાગ્યા સુધીમાં કુલ રૂા.૧૧,૦૦,૦૦૦/– (અગિયાર લાખ)ની સ્થળ પર વસુલાત કરવામાં આવેલ છે. જે આવાસોના નાણાં હજુ સુધી ભરપાઈ થયેલ નથી તે સંબંધે મહાનગરપાલિકા વધુ કડક પગલાં ભરશે. વસુલાતની કામગીરી હાલમાં પણ ચાલુ છે.

TOP